# "આજ જેલ, કલ બેલ, ફિર વહી પુરાના ખેલ.."

**હત્યાકેસમાં** પેરોલ પર છૂટેલા આરોપીઓએ સોશિયલ મીડિયા પર ધમકી ભરી પોસ્ટ મૂકી

**વરિયાવી** બજારના માથાભારે તત્વોનો પોલીસે વરઘોડો કાઢ્યો

સુરતઃ નવ મહિના પહેલા થયેલા મર્ડર કેસના આરોપીઓએ પેરોલ પર બહાર આવીને ઇન્સ્ટાગ્રામ પર જેવી પોસ્ટ મૂકીને વિસ્તારમાં દહેશત ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. સોશિયલ મીડિયામાં દાદાગીરી કરનારા આરોપી સેજાદ ઉર્ફે બાબુ ખુજલી, એઝાઝ મોનીન અને સોયેબ ઉર્ફે હોના (રહે. મદારીવાડ, હોડીબંગલા, સુરત) પાસે પોલીસ બે હાથ જોડીને માફી મંગાવી હોવાનું જાણવા મળે છે.

આરોપીઓએ ઇન્સ્ટાગ્રામ પર એક વિડીયો પોસ્ટ કર્યો હતો જેમાં બેકગ્રાઉન્ડમાં ડાયલોગ વાગતો હતોઃ "આજ જેલ, કલ બેલ, ફિર વહી પુરાના ખેલ.." આટલું જ નહીં, હાથમાં તલવાર લઈને અને સિગરેટના ધુમાડા કાઢતા ફોટા પણ અપલોડ કર્યા હતા. એક ફોટામાં તો હિન્દીમાં લખ્યું હતું કે, "જો સાથ દે ઉસકો સાથ મેં રખો ઔર સાલે દગાબાજો કો ઉનકી ઔકાત મેં રાખો..." આ પ્રકારની પોસ્ટનો મુખ્ય ઉદ્દેશ્ય ફરિયાદી પક્ષ અને સાક્ષીઓને ડરાવવાનો હતો. પેરોલ પર આવ્યા બાદ આ આરોપીઓએ પોતાના વિસ્તારમાં આતશબાજી કરી ફટાકડા ફોડીને જાણે કોઈ જંગ જીતીને આવ્યા હોય તેવો માહોલ ઉભો કર્યો હતો. જેથી આ અંગે નાહિદા અફઝલ મહેબુબ પટેલ (ઉ.વ.24, રહે. ઘાસ્તીપુરા, લાલગેટ) લાલગેટ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.ફરિયાદમાં આ બંને ગુનેગારો જે ફરિયાદીના પતિની હત્યામાં સંડોવાયેલા હતા. આવી હરકતથી ફરિયાદી બહેન અને તેમનો પરિવાર ભયભીત થઈ ગયો હોવાના આક્ષેપ કર્યા હતા.આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં લઈ સુરત પોલીસ કમિશનરની સૂચનાથી SOG એ 'ઓપરેશન ગુનેગાર' હાથ ધર્યું હતું. SOG ના ડીસીપી રાજદીપસિંહ નકુમ અને પીઆઈ અતુલ સોનારાની ટીમે ત્વરિત હરકતમાં આવીને બંને આરોપીઓને દબોચી લીધા હતા.

## જ્યાં ફટાકડા ફોડી રીલ બનાવી ત્યાં બે હાથ જોડી માફી માંગી

પેરોલ પર છૂટ્યા બાદ જે વિસ્તારમાં માથાભારે તત્વોએ ફટાકડા ફોડીને અને તલવારો બતાવીને દાદાગીરી કરતા હતા, તે જ વિસ્તારમાં પોલીસ તેમને લઈ ગઈ હતી. આ અસામાજિક તત્વો જે મહિલાને ધમકી આપતા હતા ત્યાં જ પોલીસે રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. બંને આરોપીઓને ઉભા રાખી ફરીયાદી સામે ઉભા રાખવામાં આવ્યા હતાં. બંને આરોપીઓએ હાથ જોડીને કહ્યું હતું કે, "હવે ફરી આવી કરતૂત નહીં કરીએ.

## સોશિયલ મીડિયામાં લોકોને ભયભીત કર્યા તો છોતરા કાઢી નાંખીશું : ડીસીપી નકુમ

આ ઘટના બાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી રાજદીપસિંહ નકુમે મીડિયા સમક્ષ અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે, અસામાજિક તત્વો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને લોકોને ભયભીત કરવાનું કૃત્ય કરશે કે કાયદાને હાથમાં લેવાની કોશિશ કરશે તો છોતરા કાઢી નાંખવામાં આવશે

## જૈસે તેરે પતિ કા કીયા વૈસે હી તેરે ઔર તેરે બચ્ચે કો ચપ્પુ માર કે મર્ડર કર દેંગે

12મીના રોજ સાંજના સમયે દવા લેવા જતા ફરીયાદીને વરીયાવી બજાર વિસ્તારમાં અચાનક આરોપીઓ મળ્યા હતા. જ્યાં સેજાદ ઉર્ફે બાબુ ખુજલીએ ફરીયાદીને કહી દીધું કે, "તુમ લોગોને હમારે ખીલાફ ફરીયાદ કરી, ક્યા ઉખાડ લિયા જૈસે તેરે પતિનો મર્ડર કર્યો, વેસે હી તેરે ઔર તેરે બચ્ચે કો ચપ્પુ માર કે મર્ડર કર દેગે," જ્યારે એઝાઝ મોનીને સોશિયલ મીડિયામાં મૂકેલા વિડિયો જોવા કહેતાં ફરીયાદીને ખુલ્લેઆમ ધમકી આપી હતી. લોકો ભેગા થતાં બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા.આરોપીઓ સાથે ત્રીજો ઇસમ સોયેબ ઉર્ફે હોના (રહે. મદારીવાડ, હોડીબંગલા, સુરત) પણ સોશિયલ મીડિયા પોસ્ટમાં દેખાતો હોવાનું તેમના પરિવારજનોએ ઓળખ્યું છે.

# સાયબર ફ્રોડની વધુ 31 ફરિયાદ

**શહેર** પોલીસનો 'ઓપરેશન મ્યુલ હંટ' હેઠળ સપાટો, 23 ભેજાબાજની ધરપકડ

સુરત : સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ, ગાંધીનગર દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટાના આધારે સુરત પોલીસે 'મ્યુલ એકાઉન્ટ્સ' સામે કરેલી કાર્યવાહીમાં 3,921 જેટલા શંકાસ્પદ ચેક અને ATM વિડ્રોઅલ ખાતાઓની ઓળખ કરી છે. આ મામલે કુલ 89 ફરિયાદો દાખલ કરી 23 લોકોની ધરપકડ કરવામાં આવી છે. 7 વર્ષથી ઓછી સજાની જોગવાઈ છે, તેવા કુલ 1,638 લોકોને પોલીસ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. સાયબર સેલના ડીસીપી બિશાખા જૈને જણાવ્યું હતું કે, ઓપરેશન મ્યુલ હંટ હેઠળ પકડાયેલા આરોપીઓમાં કમિશનની લાલચમાં ખાતુ ભાડે આપનાર શ્રમિકો છે.

## 6 ફરિયાદમાં 13 વિરુદ્ધ ગુનો નોંધાયો છે

**કાપોદ્રા પોલીસમાં**

- ચાવડા ચેતનભાઈ બીજલભાઈ (રહે. રૂપાલી સોસાયટી, વિભાગ-૧, એ.કે. રોડ, મૂળ પાલીતાણા જી.ભાવનગર)
- જગદીશભાઈ લશકરભાઈ જાદવ (રહે. શક્તિવિજય સોસાયટી નાના વરાછા, મૂળ ભાવનગર)
- માલવ હિમાંશુભાઈ સુખારામવાલા (રહે. સિલ્વર સ્પ્રિંગ એપાર્ટમેન્ટ આનંદમહલ રોડ)
- ધવલ અમૃતભાઈ ચૌહાણ (રહે. અમદાવાદ. હાલ રહેવાસી, દુબઈ)

**પૂણા પોલીસમાં**

- કિશોરકુમાર ભાટી (રહે. ઈશ્વર દર્શન રેસીડેન્સી, કુંભારીયા)
- વૈભવ દુધાત્રા (રહેવાસી સુરત જેનું પુરૂં નામ-સરનામું નથી)
- રોશન ગુલાબ પાટીલ (ઉ.વ.૨૨ રહે. સંજયનગર, લિંબાયત, મુળ, અમલનેર)

**ઉધના**

- મકસુદ મોહમદ ઇશા અન્સારી (ઉ.વ.૩૫ ધંધો-નોકરી રહે. શાલીમાર સોસાયટી, પ્લેટીનમ પ્લાઝાની બાજુમાં, ઉનગામ, સુરત)
- સૈયદ ખાલીદ (રહેવાસી ઉનગામ સોયેબનગર)

**કતારગામ**

- મીત અનિલકુમાર સોરઠિયા (ઉ.વ.૨૫, રહે. અશોકવાટીકા સોસાયટી, પુણાગામ, મૂળ અમરેલી)
- ગૌરવ કમલેશભાઇ જોગાણી (રહે.અભિનંદન રેસીડેન્સી, સરથાણા,)

**ઉમરા**

- કૃણાલકુમાર મહેશભાઇ સિંધી (શાંતિનિકેતન સ્કુલની પાસે, પાલનપુર પાટીયા)
- પિન્કેશ પીદવાણી (રહે, પાલનપુર પાટીયા)

## શનિવારે ઠગાઇની 68 લાખની વધુ 31 ફરિયાદ

શનિવારે સુરતના સરથાણા પોલીસમાં 1.21 લાખ, લસકાણામાં 25000, કપોદ્રામાં બે ફરિયાદમાં 80,400, વરાછામાં બે ફરિયાદમાં 3.71 લાખ, માં બે ફરિયાદમાં 1.32 લાખ, સલાબતપુરામાં 31,400, ઉધનામાં 75,000, ગોડાદરામાં 78,000, સારોલીમાં બે ફરિયાદમાં 2.40 લાખ, મહિધરપુરામાં 4.95 લાખ, લાલગેટમાં 35,800, ચોકબજારમાં1 લાખ, કતારગામમાં 98,500, અઠવામાં 37,200ની ઠગાઇની ત્રણ ફરિયાદ, અડાજણમાં બે ફરિયાદમાં 1 લાખથી વધુની બે 2 ફરિયાદ, રાંદેરમાં રૂપિયા 33,000, ઉત્રાણમાં 39,000ની બે ફરિયાદ, ડિંડોલીમાં 76,800, ભેસ્તાનમાં 1,53,300, સચિનમાં રૂપિયા 2.59 લાખ, સચિન જીઆઇડીસી પોલીસમાં રૂપિયા 40,000 તેમજ સાયબર ક્રાઇમમાં પાંચ ફરિયાદમાં રૂપિયા 40.47 લાખ મળીને કુલ રૂપિયા 68.20 લાખની ઠગાઇના 31 જેટલા ગુનાઓ નોંધાયા છે.

## ઓપરેશન "મ્યુલ હંટ" અંતર્ગત હાથ ધરાયેલી કામગીરી

- » ચેક / એટીએમ વિથડ્રો ખાતાની સંખ્યા : 3921
- » ચકાસેલા ખાતાધારકો : 3045
- » દાખલ કરાયેલી ફરીયાદો : 89
- » ધરપકડ કરાયેલા ખાતાધારકો : 23
- » નોટિસ આપવામાં આવેલા ખાતાધારકો : 1738

આ કામગીરી દરમ્યાન શંકાસ્પદ તથા મ્યુલ ખાતાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે અને ભવિષ્યમાં પણ આવા ગેરકાયદે નાણાકીય વ્યવહારો સામે કડક પગલાં લેવામાં આવશે.

# હરીપુરામાં મિત્રએ જ મિત્રને હનીટ્રેપમાં ફસાવ્યો

**આઠ** મહિના પહેલા એક યુવતીની આઇડી આપી મિત્રતા કરવા કહ્યું

**યુવતીએ** ન્યૂડ વીડીયો મંગાવ્યો અને તેના આધારે બ્લેકમેલ કરવાનું શરુ કર્યું

સુરતઃ હરીપુરા વિસ્તારમાં રહેતા અને પ્રોડકશન આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતાં યુવકને ઈન્સ્ટાગ્રામ પર હનીટ્રેપમાં ફસાવી અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી રૂ.૪૫,૫૦૦ની રકમ પડાવી લેવામાં આવ્યા હતાં. આ મામલે પીડિત યુવકે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મિત્ર સહિત બે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

હરીપુરામાં રાકેશ ભરતિયા (નામ બદલ્યું છે) સચિન જીઆઈડીસીમાં આવેલી એક કંપનીમાં પ્રોડક્શન આસિસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. આઠ મહિના પહેલા તેના મિત્ર આરોપી અભિષેક બારોટે "hetvill" નામની યુવતીની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. આપીને મિત્રતા કરવા જણાવ્યું હતું. ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ સંકેત અને "હેતવી" વચ્ચે મેસેજ દ્વારા વાતચીત શરૂ થઈ હતી. થોડા સમય પછી હેતવીએ કોલેજ ફી ભરવાની વાત કહી સંકેત પાસેથી અલગ-અલગ તારીખે કુલ રૂ.૫,૦૦૦ ગૂગલ પે દ્વારા ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ હેતવીએ રાકેશને બાથરૂમમાં જઈ કપડા ઉતારી વીડિયો બનાવી મોકલવા કહ્યું હતું, જે રાકેશે મોકલી દીધો હતો.થોડા દિવસ બાદ "hetvill" આઈ.ડી. પરથી તે જ વીડિયો પાછો મોકલી રૂ.૨૦,૦૦૦ની માંગણી કરી, નહીં તો વીડિયો પરિવાર, મિત્રો અને સમાજમાં વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હતી. બાદમાં રાકેશના મિત્ર અભિષેક બારોટે ફોન કરીને રૂપિયા ટ્રાન્સફર કરવા કહ્યું હતું. ગભરાયેલા રાકેશે ગુગલ પે દ્વારા રકમ ટ્રાન્સફર કરી હતી. આ પછી ફરીથી રૂ.૧૩,૦૦૦ની માંગણી થતા સંકેતે તે રકમ પણ ગૂગલ પે દ્વારા આપી અને રૂ.૭,૫૦૦ રોકડા ચૂકવ્યા હતા. સતત પૈસાની માંગ અને ધમકીઓથી કંટાળી રાકેશે નંબર બ્લોક કરી દીધા હતા, છતાં આરોપી અલગ-અલગ નંબરોથી ફોન કરતો રહ્યો. આખરે ગભરાઈને રાકેશે પોલીસનો સંપર્ક કર્યો.મહિધરપુરા પોલીસે ફરિયાદના આધારે આરોપી અભિષેક બારોટ અને "hetvill" ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ના ધારક સામે ખંડણી, સાયબર ક્રાઈમ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ટેક્સ કન્સલટન્ટને ITC કૌભાંડમાં જ્યુડિશ્યલ કસ્ટડી

**ટેક્સ** કન્સલટન્ટ અને એડવોકેટ રોહિત સંઘાણી દ્વારા ૩૦ કરોડના બિલો ૦.૨૦% ના કમિશન મેળવીને આપવામાં આવ્યા હતા

સુરત : DGGI સુરત ઝોનલ યુનિટ દ્વારા મેસર્સ મણિયાર એન્ટરપ્રાઈઝ, મેસર્સ બાલાજી એન્ટરપ્રાઈઝ, મેસર્સ વાઘેલા ઈન્ડસ્ટ્રિયલ, મેસર્સ વીર એક્સપોર્ટ્સ, મેસર્સ કેપિટલ ટી. સુરત સહિત અનેક કંપનીઓમાં GST સંદર્ભમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. સુરત ડીજીજીઆઈ યુનિટ દ્વારા તા ૧૪/૧૧/૨૦૨૫ ના રોજ સુરત ખાતે થયેલા આ સર્ચ ઓપરેશનમાં કેટલીક બોગસ પેઢીઓ મળી આવેલી હતી.

વધુ સર્ચ કરતા જામનગરની પેઢીનું નામ ખુલ્યું હતું. જામનગર ખાતે ૦૩/૧૨/૨૦૨૫ ના રોજ સર્ચની કાર્યવાહી કરવામાં આવતાં વિશાલ ગોંડલીયાની પેઢીના સર્ચમાં ૨૩ કરોડની આઈટીસી કોભાંડ ઝડપાયું હતું અને વિશાલ ગોંડલીયાની ધરપકડ કરવામાં આવી હતી. ડીજીજીઆઈની ટીમે વધુ સર્ચ કરતા રોહિતકુમાર પરસોતમભાઈ સંઘાણી કે જેઓ ટેક્સ કન્સલટન્ટ અને એડવોકેટ છે તેમનું નામ ખુલ્યું હતું. તેમની જામનગરની ઓફિસમાં તપાસ કરતા બોગસ બિલો, ઈ વે બિલ કમિશન ઉપર આપવામાં આવતા હતા. રોહિતકુમાર દ્વારા ૩૦ કરોડના બિલો ૦.૨૦% ના કમિશન મેળવીને આપવામા આવતા હતા. સુરત ડીજીજીઆઈ દ્વારા રોહિત કુમારની ધરપકડ કરી ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ સુરત કોર્ટમાં રજૂ કરતા સુરત ડીજીજીઆઈના સરકારી વકીલ ઈમરાન મલેકની દલીલોને આધારે કોર્ટ દ્વારા તા ૨૬/૧૨ સુધી જ્યુડિશ્યલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## મનપાના પ્યુનના વારસદારને ૪૮ લાખ મળ્યા

સુરતઃ સુરતના શહેરમાં એસ.એમ.સી વિભાગમાં પ્યુન તરીકે નોકરી કરતા રાજેશભાઈનું વરેલી નજીક તા. ૧૦/૦૭/૨૦૨૩ ના રોજ અકસ્માતમાં મોત થયું હતું, તેના કાયદેસરના વારસદારોએ અરજદાર તરફે વકીલ આર. સી. મહિન્દ્રાકર મારફત સુરત ટ્રીબ્યુનલ કોર્ટ સમક્ષ અકસ્માત વળતરનો કેસ દાખલ કયો હતો. જે કલેઈમ કેસ સુરતના ૧૯માં મોટર એક્સિડેન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ સી. એન. દેસાઈની કોર્ટમાં આજરોજ નેશનલ લોક અદાલતમાં સુખદ સમાધાન થતાં લિબર્ટી જનરલ ઈન્સ્યુ. કં.ના લીગલ અધિકારી તેમજ વકીલ દર્શન શાહના અથાગ પ્રયત્નો થકી અજરદારો અને વિમા કંપની વચ્ચે સમાધાન થતાં અરજદારને રકમ રૂ. ૪૮,૦૦,૦૦૦ ચુકવવા માટે હુકમ થયો હતો.

# ભટારની ઠાકોરદીપ સોસાયટીમાં અજાણ્યાએ વાહનો સળગાવ્યા

**વાહનોમાં** આગ ચાંપ્યા બાદ એસી સળગાવી દીધું

**રાત્રે** સવા બે વાગ્યે સોસાયટીમાં ઘૂસ્યો હોવાનું કેમેરામાં કેદ

સુરતઃ ભટાર બ્રેડ લાઈનર સર્કલ પાસે મધરાતે અજાણ્યો વાહનોમાં આગ ચાંપીને ફરાર થઇ ગયો હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી અનુસારભટાર બ્રેડ લાઈનર સર્કલ પાસે ઠાકોરદીપ સોસાયટીમાં રહેતા અનિલ બાલુભાઈ રાઠોડ રિક્ષાચાલક છે. તેમણે કરેલી ફરિયાદ મુજબ તા.૦૭/૧૨/૨૦૨૫ના રોજ રાત્રિના ૦૨.૧૫ થી ૦૨.૪૫ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યો તેમની સોસાયટીમાં પ્રવેશ્યો હતો. તેણે ઘર નં. ૪૪ પાસે પાર્ક કરેલી એક્ટીવા સ્કૂટર (રજી.નં. GJ-05-TY-3913)ને આગ ચાંપી દીધી હતી. ત્યારબાદ તેણે એક્સેસ મોપેડને આગ લગાવી હતી. વાત આટલેથી અટકી ન હતી તેણે અહીં આઉટડોર એસી પણ સળગાવી દીધું હતું. આ ઘટનાની જાણ થતાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# 1.41 કરોડની ઠગાઈ કરી પિતા-પુત્ર ફરાર

**પૂજા** આર્ટના પિતા-પુત્ર ઉધારમાં માલ ખરીદી દુકાન બંધ કરી છૂ

સુરતઃ સરથાણા યોગીચોક વિસ્તારમાં રહેતા સાડીના ઉત્પાદક સહિતના વેપારીઓ સાથે સુરત કાપડ માર્કેટમાં મોટું નામ હોવાનો દાવો કરી પિતા-પુત્રએ રૂ.૧.૪૧ કરોડથી વધુની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ મળતા સચિન જીઆઈડીસી પોલીસે ગુનો નોંધ્યો હતો.

સરથાણા યોગીચોક પાસે આવેલા યોગસરાજ રો હાઉસમાં રહેતા સાગરભાઈ ગંગદાસભાઈ ઉસદડીયા સચિન જીઆઈડીસી લક્ષ્મી ટેક્સટાઈલ્સ પાર્કમાં સાડીની ફેક્ટરી ચલાવે છે.

ડિસેમ્બર-૨૦૨૪થી આરોપી સુભાષચંદ્ર ઉદયભાઈ જૈન, પુજા આર્ટના પ્રોપ્રાઈટર અને તેમના પુત્ર દિપક સુભાષચંદ્ર જૈન (રહે., ડિંડોલી)એ સાગરભાઈને પોતે સુરત કાપડ માર્કેટમાં જાણીતા વેપારી હોવાનું જણાવી વેપાર થકી મોટા નફાની લાલચ આપી હતી. શરૂઆતમાં પેમેન્ટ ચૂકવી વિશ્વાસ કેળવી લીધા બાદ સાડીનો મોટો જથ્થો મેળવી લીધો હતો. પરંતુ પેમેન્ટની તારીખો આવતાં જ આરોપીઓ ગલ્લાતલ્લા કરી રહ્યા હતા. સાગરભાઈ અને અન્ય વેપારીઓ રૂબરૂમાં આરોપીઓના ગોડાઉન પર જઈ પેમેન્ટ બાબતે વિનંતી કરતા ત્યારે આરોપી પિતા-પુત્ર વધુ માલ આપશો તો જ પેમેન્ટ કરીશું તેમ દબાણ કરતા હતા.

સાગરભાઈએ સ્પષ્ટ ઈનકાર કરતાં આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ધમકી આપવા લાગ્યા કે હવે કોઈ પેમેન્ટ મળશે નહીં અને જે કરવું હોય તે કરી લો. થોડા સમય બાદ આરોપી પિતા-પુત્રએ પોતાનો મોબાઈલ બંધ કરી દુકાન પણ બંધ કરી ફરાર થઈ ગયા હતા. આ રીતે સાગરભાઈ સહિત અન્ય વેપારીઓ પાસેથી કુલ રૂ.૧,૪૧,૭૬,૭૩૪ના સાડીના માલની છેતરપિંડી કરવામાં આવી હતી. સચિન જીઆઈડીસી પોલીસે ફરિયાદના આધારે ઠગબાજ પિતા-પુત્ર સામે ગુનો નોંધી અન્ય વેપારીઓ સાથે પણ ફ્રોડ થયો છે કે નહીં તેની તપાસ હાથ ધરી છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**લાઈફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**મિલ્કત વેચવાની છે**

**વેચવાનું છે.**
37 લાખમાં કબજા રસીદવાળું ગ્રાઉન્ડ સાથે એક માળવાળું નવું મકાન બાંધકામ સાઈઝ 12 X 38 બમરોલી રોડ બેંક ઓફ બરોડાની સામે વેલકમ પાન સર્કલ રોડથી નજીક સુરત. મોબાઈલ- 9274429138 (646)

**નવસારીમાં ફ્લેટ**
વેચવાનો છે. 3 BHK ફર્નીચર સાથે તીઘરા, દેવીના પાર્ક સોસાયતી પ્રિન્સ એવન્યુ બી માં ૪થે માળે 9173428844

**પ્લોટ વેચવાનો છે.**
પ્લોટ નંબર 70, 192 વાર, રીયલ રેસીડેન્સી, સાઈબાબા મંદિર પાછળ, સરોલી. 8469947500

**PRESIDENT PEST CONROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**3/ 4 BHK ફ્લેટ**
વેચવાનો. નવું બાંધકામ. પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે.**
પાલ. (નવું બાંધકામ) 9909601200

**પ્લોટ વેચવાનો છે.**
પાલ. 9909601200

**વેચવાનું છે**
કોર્નર રોહાઉસ 236 ચો. વાર, 3 કાર પાર્કિંગ, 3 બેડરૂમ, હોલ, કીચન + સ્ટોર, સોલાર, ફુલ્લી ફરનીશ મહાલક્ષ્મી મંદિર પાસે, આનંદમહેલ રોડ, અડાજણ. 9426807658 (673)

**2 BHK**
1250 Sq.ft ફર્નિશ ફ્લેટ વેચવાનો છે આનંદમહલ રોડ ટચ. 9825233236

**ઓફિસ વેચવાની છે**
CA, વકીલ, શેરબજાર, આર્કેટેક બે લીફ્ટ, ડબલ બેઝમેન્ટ પાર્કીંગ પાર્લે પોઈન્ટ 98792760763 (678)

**વેસુમાં ફ્લેટ**
વેચવાનો છે રાજહંસ સિમ્ફોનિયામાં 3 બેડરૂમ 9879276073 (679)

**વાહન લે-વેચ**

**ટેમ્પો જોઈએ છે**
ફોરવીલ/ થ્રીવ્હીલ પ્રખ્યાત ઓઈલ કંપનીની પ્રોડક્ટની ડિલિવરી માટે અતુલ શક્તિ/ છોટે હાથી ફિક્સ ભાડામાં ( સુરત તેમજ આજુબાજુના વિસ્તારના જાણકાર) રૂબરૂ મળોઃ બ્લૉક નંબર ૧૫ એ પ્લોટ નંબર ૧૩ આરોગ્ય ભવનની સામે ઉધના રોડ નંબર -૯ ઉધના mo: 9327939101 (668)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડે**
સ્નોફ્લોની મજા માણવા ફેબ્રુઆરીમા કાશ્મીર mo: 9427803273 / 9825142005 (669)

**Date- 22/12,**
ખાટુંશ્યામ, ગોકુલ, મથુરા. રૂપિયા- 6500/. Mobile: 9913164330

**સાગર 9427113317**
નાતાલની રજામાં સોમનાથ, દ્વારકા, સારંગપુર, દિવસ ત્રણ, મહાકાલેશ્વર, ઉજ્જૈન, ઓમકારેશ્વર,

**૨ દુકાન વેચવાની છે**
સફલ સ્કવેર, વેસુ માં ગ્રાઉન્ડ ફલોરની ૨ દુકાન વેચવાની છે
સંપર્ક: 8849529425

**મિલ્કત ભાડે -વેચાણ**

**ભાડે વેચાણ**
આપવાનુ છે ઉધના સંઘ બી. આર. સી પ્લોટ શેડ વેર હાઉસ શોરૂમ ૭૦૦૦ વાર ૩૦૦૦ વાર ૧૦૦૦ વાર ૬૦૦ વાર પ્લોટ ૨૫૦૦૦ ફૂટ શેડ ૧૫૦૦૦ ફૂટ ૫૦૦૦ ફૂટ ભાડાની આવક પ્રોપટી 8200006737 (j)

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત ભાડેથી**

**ડુમસમાં SNS**
મરીનામાં 2 BHK ફુલ્લી ફર્નિશ ફ્લેટ ભાડે આપવાના છે. કોન્ટેક્ટ- 7043411765, 9825466765

ભાવ એવો કે વિશ્વાસ નઈ થાય
૧૦૪ વાર, ૧૨૫ વારના ઓપન પ્લોટ
ગૌરવ પથ રોડ પર વેચવાના છે
પાલ-ઉમરા બ્રિજની નજીક પાલમાં ફાયદાના ભાવમાં નવુ 2/3 BHK ફ્લેટ વેચવના છે.
7984818024

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

**ભાડે જોઈએ છે**
બંગલો, રોહાઉસ અથવા પાકું મકાન, ઉમરા, પીપલોદ, ઘોડદોડ રોડ, ચાયના ગેટ , ઉધના મગદલ્લા ગાંધીકુટિરથી ચંદ્રમણી સોસાયટી, રૂસ્તમપુરા વિસ્તારમાં 3 બેડરૂમ અને પાર્કીંગ સાથે, કોન્ટેક્ટઃ કિરીટભાઈ 7227010525 (666)

**વી.આર મોલની સામે**
સુમન સાગરમાં ફ્લેટ ભાડે આપવાનો છે કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**મેઇન રોડ ટચ**
તૈયાર દુકાન ભાડે આપવાની છે પાર્લર હેર કટીંગ સલૂન લાયક જાની ફરસાણની બાજુમાં પાર્લેપોઈન્ટ કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**ઓફિસ/ રેસ્ટોરન્ટ**
લાયક દુકાન ભાડે આપવાની છે મેઈન રોડ ટચ પીપલોદ કોન્ટેક્ટ- 7043411765, 9825466765

**WANTED નોકરી વિષયક**

**વોક ઈન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી NACP-V પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા એકતા મહિલા મંડળ સુરત દ્વારા કાર્યરત પ્રોજેક્ટ માટે હંગામી ધોરણે ભરતી કરવાની છે. પોસ્ટ- આઉટરીસ વર્કર- 1 લાયકાત- ગ્રેજ્યુએટ. પગાર- 10500 + T.A ઈન્ટરવ્યુની તારીખ- 19/12/25 સમય સવારે 11:00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટવ્યું રાખવામાં આવેલ છે. એડ્રેસ- એકતા મહિલા મંડળ- 2/4387 ઈચ્છા મહિલા શેરી, જૂની મહાવીર હોસ્પિટલની બાજુમા, સગરામપુરા સુરત. મો: 9898225782

**વોક ઈન ઈન્ટરવ્યુ**
(GSACS સંચાલિત) એકતા મહિલા મંડળ- LWS તાપી લીંક વર્કર પ્રોજેક્ટ માટે જોઈએ છે. પોસ્ટ- (1) ઝોનલ સુપર વાઈઝર- 1 (ઉચ્છલ બ્લોક) લાયકાત - M.S.W/ પગાર- 10500 + T.A 2000 (2) કલસ્ટર લિંક વર્કર- 1 (નિઝર બ્લોક) લાયકાત- 12 પાસ / ગ્રેજ્યુએટ, પગાર- 6050+ T.A. 2400 (ઉચ્છલ અને નિઝર તાલુકા માટે પ્રતિક્ષા યાદી) ઓપન ઈન્ટરવ્યુ તારીખઃ- 23/12/25 સમયઃ 10:00 કલાકે, સ્થળઃ- પ્લોટ નંઃ- 2 જલ દર્શન સોસાયટી માણેકપુર ઉચ્છલ નિઝર રોડ, ઉચ્છલ જી- તાપી મોઃ- 9773464537

**હોટેલ માટે સ્ટાફ**
જોઈએ છે પાર્ટ ટાઈમ- ફુલ ટાઈમ/ ભાઈઓ- બહેનો પરચુરણકામ/ સફાઈકામ માટે રીસેપ્શાન માટે કોમ્પ્યુટર ચલાવી શકે તેવા રહેવા જમવાની સગવડ મળી જશે. સંપર્કઃ 9898056756 (667)

**કતારગામમાં**
સોમનાથ પાવભાજીના મસાલા માટે, અનુભવી સેલ્સમેન જોઈએ છે. MO: 9825272490

**એક વ્યકિતની રસોઈ**
માટે બહેન સગરામપરા સુરતમા જોઈએ છે 8849938284 (672)

**જોઈએ છે**
વેલ્ડર, ફીટર, સ્ટોરકીપર, વાયરમેન (ફ્રેશર) ગાયત્રી એન્જીનીયર્સ, દેલાડ, સાયણ. 8734813000 (682)

**રસોઈયા ભાઈ કે બહેન**
જોઈએ છે આખો દિવસ ઘર માટે એરિયા સીટીલાઈટ MO:- 7405279167

**ઓપન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત લોકસમર્પણ ટ્રસ્ટ સુરતમાં ચાલતા સંપુર્ણ સુરક્ષા કેન્દ્રમાં આઉટરીચ વર્કરની ફિક્સ પગારથી ભરતી નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે. પોસ્ટ આઉટરીચ વર્કર- ૧ (૧૨ પાસ) પગાર ૧૦,૫૦૦/- ઈન્ટરવ્યુ તારીખ- ૧૮/૧૨/૨૦૨૫ સમય ૧૧ થી ૧ ઈન્ટરવ્યુ સ્થળ- લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર, મીરા નગર, મીની બજાર, સુરત મો- નંબર- ૯૯૨૫૩૩૧૮૮૪ (677)

**ઓફિસ વર્ક**
અને એકાઉન્ટિંગ માટે સ્માર્ટ ફિમેલ (મેરીડ) જોઈએ છે. અડાજણ 9825704800

**પેટ્રોલ પંપ પર**
કામ કરવા માટે છોકરાઓ / છોકરીઓ જોઈએ છે ગજાનન પેટ્રોલિયમ, કતારગામ, સુરત. મો. 9157675490, 7041801379 (674)

**લગન વિષયક**

**સુરત રહેતી**
37 વર્ષની કોળી પટેલ ડોક્ટર યુવતી માટે વેલ Educated યુવક આવકાર્ય 9512318416

**દિત્યા મેરેજ બ્યુરો**
ઉચ્ચ જ્ઞાતિના યુવક- યુવતીઓ માટે જીવનસાથીની પસંદગી માટે મળો. હીનાબેન ચોકસી મો. નં 7990156159 (675)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*